# આજે ગાંધીનગરમાં ઉજવાશે ગુરૂપૂર્ણિમા મહોત્સવ

**● દિવ્યજીવન**

સંઘ ગુરૂ પૂર્ણિમા નિમિતે દિવ્ય જીવન સંઘની શાખાના કાર્યાલય પ્લોટ નં. ૨૦૫ આનંદનગર, સેકટર-૨૭ ખાતે તા. ૩જી જુલાઈના સવારે ૮.૦૦ કલાકે ગુરૂ પાદુકા પૂજન અને ભજન સત્સંગ રાખવામાં આવેલ છે.

**● દત્ત મંદિર સેકટર-૨૮**

શ્રી રંગઅવધૂત પરિવાર ગાંધીનગર તરફથી સેકટર-૨૮ ત્રિ-મૂર્તિ દત્ત મંદિર સેકટર-૨૮માં સાંજે ૭.૦૦ વાગે પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજની ચરણ પાદુકા પૂજન રાખવામાં આવેલ છે. ચરણ પાદુકાને સ્પર્શ પૂજન કરવા માંગતા ભક્તોએ પિતાંબર અને બહેનોએ સાડી પહેરવી ફરજીયાત છે.

**● બાલાહનુમાન, સેકટર-૨**

સેકટર-૨માં આવેલ બાલા હનુમાન મંદિર દ્વારા આજે ગુરૂ પૂર્ણમાના પાવન પ્રસંગે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. તો સૌ ભાવિ ભક્તોને પધારવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવે છે.

**● સેકટર-૩-ડી સાંઈ મંદિર**

સેકટર-૩ડી સાંઈ મંદિર ખાતે ગુરૂપૂર્ણિમાની સાંજે ૮.૦૦ કલાકે શ્રી પ્રવિણભાઈ ટીવી અને રેડિયો કલાકાર દ્વારા ધાર્મિક ભજન અને સંતવાણીનું આયોજન કરેલ છે.

**● સંત શ્રી રોહિદાસ સેવા સંકુલ**

ગુરૂપૂર્ણિમા નિમિત્તે સંતશ્રી રોહિદાસ સેવા સમાજ, બગીચાની પાછળ, સેક્ટર-૬, ગાંધીનગર ખાતે ભજન અને ડાયરાનો કાર્યક્રમ યોજાશે. સમાજના આગેવાનો દાતાઓ તથા ભક્તજનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

**● ગાંધીનગર દશનામ ગોસ્વામી સમાજ**

ગાંધીનગર દશનામ ગોસ્વામી સમાજ દ્વારા હડમતીયા મહાદેવ, હડમતીયા ખ-રોડ, ખાતે સવારે ૭.૩૦ કલાકે ગુરુ પૂર્ણિમાનો કાર્યક્રમ યોજાશે. સમાજના સર્વે જ્ઞાતિબંધીઓને ભાગ લેવા ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

**● પંચદેવ મંદિર, સેક્ટર-૨૨**

ગુરુપૂર્ણિમા પ્રસંગ નિમિત્તે આજે રાત્રે ૮.૩૦ કલાકે કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે પંચદેવ મંદિર, સેક્ટર-૨૨ ખાતે હનુમાન ચાલીસા, ધૂન તથા સુંદરકકાંડના પાઠ યોજાશે.

**● અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩**

ગાંધીનગરના શ્રી અરવિંદ કેન્દ્ર, પ્લોટ નં. ૫૭૬, સેક્ટર-૨૩ ખાતે આજે ગુરુપૂર્ણિમા નિમિત્તે શાસ્ત્રીય સંગીતની બેઠક યોજાશે. અરવિંદ કેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા શાસ્ત્રીય કંઠ્ય, સંગીત, અરવિંદ કેન્દ્રમાં તબલાનું માર્ગદર્શન આપતા અરવિંદભાઈ વોરાનું તબલાવાદન, જીતુભાઈ દવેનું બાંસુરી વાદન સાજે ૬.૩૦ થી ૮ કલાક દરમિયાન યોજાશે.

**● ગ્રીનસીટી, સેક્ટર-૨૬**

સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આજે ગુરુપૂજન અને ભજન સંધ્યાનો કાર્યક્રમ સાંજે ૫ કલાકે સેક્ટર-૨૬, ગ્રીનસીટી, સાંઈધામ ખાતે યોજાશે.

**● કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મંદિર**

ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે આજે સંજયભારતી ગોસ્વામી દ્વારા બ્રહ્મ મુહૂર્તમાં સવારે ૪ કલાકે પાદુકા પૂજન, ભોગ, શણગાર, આરતીનો કાર્યક્રમ શ્રી કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મંદિર, રાંધેજા ખાતે યોજાશે.



ગાંધીનગરના ધોળાકુવા રોડ પાસે આવેલી સ્વામીનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગુરુવંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સંતો અને ગુરુને વંદન કરી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળાના આચાર્યએ આપેલી માહિતી મુજબ ગત રોજ શાળાના પટાંગણમાં વિદ્યાર્થીઓ દ્વારા રંગોળી, હરિફાઈ અને ચિત્ર સ્પર્ધાનું ગુરુ પૂર્ણિમાના પૂર્વ દિને આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પૂ. સંતો દ્વારા આશીર્વચન આપવામાં આવ્યા હતા. પૂ. સંતોના પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ગુરુવંદના કાર્યક્રમમાં પૂ.સંતો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા યોજાયેલી રંગોળી સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધામાં દરેક વિદ્યાર્થીએ રસપૂર્વક ભાગ લીધો હતો અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## ગાંધીનગરમાં ધર્મસ્થાનોને ફી લઈને નિયમિત કરવા માંગણી

ગાંધીનગર તા. ૨

ગુરૂ પૂર્ણિમાના દિવસે ભારતીય જનતા પાર્ટી દ્વારા મંત્રી, ધારાસભ્યો, નગર સેવકો તથા કાર્યકરોને ગુરૂપૂર્ણિમાના દિવસે સંતો-મહંતોના આર્શિવાદ મેળવવા માટે મઠ મંદિરમાં જવા માટે સુચના આપવામાં આવેલી છે. તો આ નિમિતે ગાંધીનગરમાં ગેરકાયદેસર કે દબાણમાં ધર્મપ્રેમી લોકોએ ધાર્મિક સ્થાનો, મંદિરો કે મહાદેવ મંદિર ઉભા કરેલા છે. તેને સરકારશ્રીના નિયમો મુજબ ફી લઈને કાયદેસરમાં ફેરવી આપે તેવી ધર્મપ્રેમીઓની માંગણી છે. આ અંગે ગાંધીનગર શહેરી સતા મંડળના ચેરમેન અશોકભાઈ ભાવસારને રજૂઆત કરવામાં આવેલ છે.

## ઉનાવાના અનુસૂચિત જાતિ મહોલ્લામાં હાઈવોલ્ટેજ લાઈનથી મોત સામે લડત

ગાંધીનગર તા. ૨

ગાંધીનગર જિલ્લાના ઉનાવા ગામે અનુસૂચિત જાતિના મહોલ્લામાંથી હાઈ વોલ્ટેજ લાઈન જતી હોવાથી તે દૂર કરવાની અરજીઓ વારંવાર વીજકંપનીને આપેલ છે. પરંતુ વીજકંપની તરફથી હાઈવોલ્ટેજ લાઈન દૂર થતી નથી. ઓનલાઈન અરજીઓ પાંચ વખત વીજ કંપનીને કરેલ છે. પરંતુ અધિકારીઓ ગણકારતા જ નથી. ચોમાસામાં કોઈ વખત વીજ કરંટ લાગશે તો કોઈ જાનહાનિ થવાનો ભય છે. તો સત્વરે જરૂરી કાર્યવાહી કરવાની જરૂર છે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની પાંચમીએ બેઠક

ગાંધીનગર તા. ૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક તા.૫મી જુલાઈ ૨૦૧૨ના રોજ ગુરૂવારે સંસ્થાના અધ્યક્ષશ્રી એસ.ડી.આર. મલિકના અધ્યક્ષ સ્થાને સંસ્થાના કાર્યાલય સ્વસ્તિક કોમ્પલેક્ષ, બીજે માળ, બસ સ્ટેન્ડ ૧૭-૨૨ પાસે બપોરે પછી ચાર વાગે મળશે. પદાધિકારીશ્રીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો, સેકટર પ્રતિનિધીઓ બેઠકમાં અચુક હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

# ઝામરની શકયતા નિવારવા ૪૦ વર્ષ બાદ આંખની તપાસ અનિવાર્ય

### ડેન્માર્ક ખાતે વર્લ્ડ ગ્લુકોમા કોન્ફરન્સમાં નગરના ડૉ.તેજલ દલાલે પ્રતિનિધિત્વ કર્યું

ગાંધીનગર, તા.૨

આંખ માટે ગંભીર અને ચિંતાજનક ઝામર રોગ સંદર્ભે ૯૦ ટકા કિસ્સામાં પ્રાથમિક તબક્કામાં જાણ થતી નથી. મુખ્યત્વે ૪૦ વર્ષની ઉંમર પછી ઝામરનો રોગ થતો હોવાથી આંખમાં ટીપાં નાંખીને યોગ્ય તપાસ કરવી અનિવાર્ય હોવાનું આંખના નિષ્ણાંત ડૉ.તેજલ દલાલે જણાવ્યું છે.

કોપન-હેગન ડેન્માર્કમાં વર્લ્ડ ગ્લુકોમા કોન્ફરન્સ ખાતે થયેલી વિસ્તૃત ચર્ચાના અંતે આંખના નિષ્ણાંત ઈટાલીના ડૉ. સી. ટ્રાર્વેસો તેમજ ડૉ. હીટચીન્ગસના મત પ્રમાણે વિશ્વમાં અંધત્વનું મૂળભૂત કારણ મોતિયો છે પરંતુ વિકસિત સારવારથી આ અંધાપો દૂર કરી શકાય છે. ગત તા. ૧૭ થી ૨૨ જૂન દરમિયાન યોજાયેલી આ કોન્ફરન્સમાં નગરના આંખ રોગના નિષ્ણાંત ડૉ. તેજલ દલાલે પ્રતિનિધિત્વ સંભાળ્યું હતું. ડૉ. દલાલે આ અંગે માહિતી આપણા જણાવ્યું હતું કે, ટેકનોલોજીના આટલા બધા વિકાસ સાથે પણ હજુ ઝામર એ ચિંતાજનક અને ગંભીર રોગ ગણાય છે. મોતિયાના રોગમાં સામાન્ય રીતે સામેનું જોવાનું ઝાંખું થતું હોવાથી તેમાં લક્ષણોની તરત ખબર પડે છે. જયારે ઝામરના આંખમાં ખાસુ એવું નુકસાન થયા છતાં સામેનું સ્પષ્ટ દેખાતું હોવાથી ૯૦ ટકા લોકોને પ્રાથમિક તબક્કામાં જાણ થતી નથી અને તેથી જ વિકસીત જેવા દશોમાં પણ ૫૦ ટકા લોકોને ઝામર હોવા છતાં રોગની જાણ થતી નથી. પરિણામે આશરે ૧૦ ટકા લોકોને આંખની દષ્ટિ ગુમાવ્યા પછી ઝામર અંગેનું ભાન થાય છે. આશરે ૨૫ ટકા લોકોને એક આંખમાં વિસ્તૃત નુકશાન પછી જ ઝામરનો ભાસ થાય છે. ઝામર એ આંખની નસનો રોગ છે તેને આગળ વધતો અટકાવી શકાય છે પરંતુ તેનાથી થયેલું નુકશાન સુધારી શકાતું નથી. ઝામર થવાની શકયતા મુખ્યત્વે જેના પરિવારમાં કોઈને ઝામર હોય, જાડા નંબરના ચશ્મા પહેરતા હોય, ડાયાબીટીસ હોય, લાંબા સમય સ્ટિરોઈડ લીધા હોય તેવા લોકોને વધુ રહે છે. આ રોગ મુખ્યત્વે ૪૦ વર્ષની ઉંમર પછી થતો હોવાથી વિશ્વભરના ડોકટરોએ સામાન્ય જનતાને હાકલ કરે છે કે તેઓ એ આંખમાં ટીપાં નાખીને આંખની વિસ્તૃત સર્વગ્રાહી તપાસ કરાવવી જોઈએ. તેનાથી જ ઝામર તથા અન્ય અસાધ્ય આંખના રોગોને પકડી શકાય છે.

ભારતમાં સવા સો કરોડની કુલ વસ્તીમાંથી ૨.૫ ટકા લોકો ૪૦ વર્ષથી ઉપરની ઉંમરના છે. અંધાપામાં મોતિયા પછીના કારણમાં ઝામરનું પ્રમાણ ૧૫ ટકા છે. ૧૭ થી ૨૨ જૂન દરમિયાન યોજોલ કોન્ફરન્સમાં ગાંધીનગરમાં જાણીતા આંખના નિષ્ણાંત ડૉ. તેજલ દલાલે પ્રતિનિધિત્વ સંભાળ્યું હતું.

## અનુસૂચિત જાતિના તેજસ્વી તારલાઓનું ૧૫મીએ સન્માન યોજાશે

ગાંધીનગર, તા. ૨

જનચેતના મંચ, ડૉ. આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ તેમજ સમય ફાઉન્ડેશન, લોકજાગૃતિ ફાઉન્ડેશનના ઉપક્રમે ગાંધીનગર શહેર અને જિલ્લામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના તેજસ્વી તારલાઓનું ૧૫મી જુલાઈ ૨૦૧૨ને રવિવારે પટેલવાડી, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે સન્માન કરવામાં આવશે.

અનુસૂચિત જાતિના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ૬૦ ટકા કે તેથી ઉપર માર્કસ ધરાવતા વિદ્યાર્થીઓએ તા. ૮મી જુલાઈ-૨૦૧૨ સુધીમાં ભરતસીંધ ચૌધરી બ્લોક નં. ૬૪/૩,ચ-ટાઈપ, સેક્ટર-૩૦, ગાંધીનગર અથવા વિઠ્ઠલભાઈ પરમાર, સંત રોહિદાસ મંદિર, સેક્ટર-૬, ગાંધીનગર અથવા રમેશભાઈ વાણિયા, પ્લોટ નં. ૭૧૯/૨, સેક્ટર-૭-બી, ગાંધીનગર અથવા હરગોવિંદભાઈ રાઠોડ, પ્લોટ નં. ૫૩૨/૧, સેક્ટર-૬-બી, ગાંધીનગરનો સંપર્ક કરવો.




# ...પોતાની ભૂલ ના સમજાય તેને કહેવાય ટ્રાફિક પોલીસ

ગાંધીનગર તા. ૨

કેટલીક વખતે પોતાની ભૂલ પોતાને દેખાતી નથી. તેવો કિસ્સા બનતા હોય છે. ઘ-૫ ટ્રાફિક પોલીસની આ પ્રકારની હેરાનગતિ લોકોને થતી હોય છે. શનિવારે એક શિક્ષિત ગ્રામ્ય યુવાન પોતાનું વાહન લઈને ઘ-૩ બાજુ જઈ રહ્યો હતો. ત્યારે ઘ-૫ આગળથી પસાર થતાં ટ્રાફિક પોલીસે અટકાવીને ગાડીની નંબર પ્લેટમાં ખામી છે. તે દર્શાવીને મેમો આપવાની કાર્યવાહી શરૂ કરી હતી. પરંતુ તે ટ્રાફિક પોલીસ યુનીટના વાહનોમાં ફેન્સી પ્લેટ વાળા હતા. જેથી યુવાને રજૂઆત કરી કે સામે વાહન છે તેને પણ ફેન્સી પ્લેટ છે. તો આ વાહન સામે કેમ મેમો ઈસ્યુ થતો નથી. મારા સામે જ મેમો બનાવવાનું કારણ બતાવો. આ પ્રશ્નનો જવાબ ન આપી શકતાં પોલીસ યુવાને ગાડી ઉપર લાકડીઓ મારીને કાચ તોડીને નુકશાન પહોંચાડેલ હતું.

આમ સાચી હકીકત વાત કરવાનું આવું પરિણામ ટ્રાફિક નિયમન કરતાં ટ્રાફિક પોલીસની વર્દીનો રોફ જમાવતી પોલીસ પાસેથી આમજનતા આવી જ આશા રાખી શકે છે? ટ્રાફિક પોલીસના વાહનોને ફેન્સી પ્લેટ શા માટે ચલાવી લેવામાં આવે છે? ગ્રામ્ય વિસ્તારના નાગરિકો તથા શહેરના નગરજનો પોલીસવડા પાસે ઈચ્છી રહ્યા છે કે આ પ્રમાણે થતાં અન્યાયી ભેદભાવ તથા જોહુકમી દાદાગીરી સામે યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ કરી રહ્યા છે.

# પિતા માટે સર્વસ્વ ત્યાગવાની તૈયારી દર્શાવતી સંવેદનશીલ દીકરીની ગરવી દાસ્તાન

**સંબંધ સજાવે જિંદગી**

**દીકરી વ્હાલનો દરિયો**

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

'આશુ મારે એક અગત્યની વાત કહેવી છે.'

'બોલ, સાંભળું છું.'

'હું તારી સાથે લગ્ન નહીં કરી શકું.'

'કારણ જાણી શકું ?'

'મારા માથે મારા પપ્પાની જવાબદારી છે.'

'એ જવાબદારી તો લગ્ન કરીનેય નિભાવી શકાય છે.'

'હું નથી માનતી. લગ્ન પછી મારી પહેલી જવાબદારી બદલાઈ જશે. એ હું નથી ઈચ્છતી.'

'દુનિયાની બધી દીકરીઓ પરણે છે, માતા-પિતાની એકની એક દીકરી હોય તોય. તો પછી તને શું વાંધો છે ? એ કહીશ.'

'શાંતિથી અને પોઝીટીવલી સાંભળી શકીશ ?'

'હા, બોલ.'

'હું ત્રણ વર્ષની હતી ત્યારે મારી મમ્મીનું ગંભીર બિમારીને કારણે અવસાન થયું. પપ્પા ત્યારે તો યંગ જ હતા. પરિવારે, મિત્રોએ અને સ્નેહી-સંબંધીઓએ પણ લગ્ન માટે ઘણું દબાણ કર્યું, પણ પપ્પા માન્યા નહીં. સૌને એમણે સ્પષ્ટ સંભળાવી દીધું કે મારા જીવનનું ધ્યેય મારી દીકરી છે, બીજું કશું નહીં. અને ખરેખર પપ્પાએ એવું જ કર્યું. બીજી બધી બાબતો કરતાં એમણે મને વધારે અગત્યતા આપી છે. હવે જ્યારે એમને મારી જરૂર છે ત્યારે હું કેવી રીતે છોડી શકું ? મારાથી એ નહીં થાય.'

'લગ્ન કરીને પણ તું તારા પપ્પાને સાચવી જ શકીશ એવી મારી સલાહ છે, બાકી તારી મરજી. હું તારા પર જબરદસ્તી નહીં કરું.'

'આઈ ઍમ સૉરી આશુ.'

'ઈટ્સ ઓકે.'

નીલમ અને આશુતોષ વચ્ચેનો આ સંવાદ અહીં પૂરો થયો. એ પછી નીલમે આશુતોષને મળવાનું પણ બંધ કરી દીધું અને આશુતોષે પણ એવો પ્રયત્ન ન કર્યો.

એક દિવસ અચાનક નીલમના પપ્પાએ ધડાકો કર્યો, 'મેં તારા માટે એક છોકરો પસંદ કર્યો છે.'

'ડૅડ, તમે જાણો છો કે મારે લગ્ન નથી કરવાં.'

'શું કામ નથી કરવા ?'

'ડૅડ પ્લીઝ, એ ચર્ચા આપણે હજાર વખત કરી ગયા છે.'

'તો એક વાર વધારે સહી.'

'ઓકે, બોલો. શું કહેવું છે ?'

'મેં તારા પ્રત્યેની મારી જવાબદારી સારી રીતે નિભાવી નથી એવું આળ મારી ઉપર મૂકાય એવું તું ઈચ્છે છે ?'

'ડૅડ યુ નો. એવું હું ક્યારેય ન ઈચ્છું.'

'તો તારે લગ્ન કરવાં પડશે.'

'પણ મારાં લગ્નને એની સાથે શું સંબંધ છે એ કહેશો ?'

'સંબંધ તો છે જ. મેં તારા જીવનની સંપૂર્ણ જવાબદારી મારા ખભે ઉપાડી હતી. એટલે કે તને ઉછેરવી, ભણાવવી, ગણાવવી, તારા પગ પર ઊભી થઈ શકવા સમર્થ બનાવવી અને તારો પરિવાર વસે ત્યાં સુધી તને પહોંચાડવી. બાકી બધું તો હું કરી શક્યો, પણ છેલ્લું કામ ન કરી શક્યો તો દુનિયા મને સ્વાર્થી કહેશે. એમ કહેશે કે પોતાના સ્વાર્થ માટે દીકરીની જિંદગી સાથે રમ્યો આ સ્વાર્થી બાપ.'

નીલમની આંખોમાં આંસુ આવી ગયા. 'ડૅડ...' 'દુનિયાની વાત જવા દઈએ તોય મનેય એ ડંખ રહી જશે કે હું મારી દીકરીનું ઘર ન વસાવી શક્યો.'

નીલમે હથિયાર હેઠાં મૂકી દીધાં. 'નો ડૅડ. તમને ડંખ રહી જાય એવું હું કંઈ નહીં કરું. તમે કહેશો ત્યાં લગ્ન કરી લઈશ.'

'છોકરાને એકવાર મળી લઈશ ?'

'એવી કંઈ જરૂર નથી. આઈ મીન, તમે જોયો છે તો બરાબર જ હશે.'

'શ્યૉર ?'

'વૅરી શ્યૉર ડૅડ.'

'ઓકે ધેન. બી રૅડી. પંદર તારીખે તારી સગાઈ છે ને એ જ દિવસે લગ્નની તારીખ પણ નિયત કરીશું.'

'ઓકે ડૅડ.'

પંદર તારીખ આવી ગઈ ને નીલમ ચહેરા કે મોં પર એકપણ ફરિયાદ લાવ્યા વિના સગાઈ માટે તૈયાર પણ થઈ ગઈ. એને આશ્ચર્ય ત્યારે થયું જ્યારે સગાઈ કરવા માટે આશુતોષ એના માતા-પિતાને લઈને આવ્યો હતો.

નીલમના પપ્પાએ એનો પરિચય કરાવ્યો, 'બેટા, આ આશુતોષ છે અને આ એના માતા-પિતા. એ તને પસંદ છે એ તો હું જાણું જ છું ને એના વિશે બધું તું જાણે છે. એટલે મારે બીજું કંઈ કહેવાનું નથી.'

નીલમને તો શું બોલવું એ સૂઝતું જ ન હતું. આશુતોષનાં મમ્મીએ બોલવાની શરૂઆત કરી, 'તારી અને આશુતોષ વચ્ચે લગ્ન ન કરવા બાબતે જે વાતચીત થઈ એ આશુતોષે મને કહી, મેં એના પપ્પાને વાત કરી અને પછી અમે નક્કી કર્યું કે અમારા ઘરમાં વહુ તરીકે કોઈ આવશે તો એ તું જ આવીશ. પોતાના પરિવારજન માટે આટલી લાગણી ધરાવનારી દીકરી જ અમારા માટે શ્રેષ્ઠ વહુ સાબિત થઈ શકે એવું અમારું માનવું છે.'

આશુતોષના પિતાએ પણ એમાં હામી ભણી, 'હા દીકરી. અને હા. લગ્ન પછી તમારી પ્રાયોરિટી જરાય નહીં બદલાય. હું તો એવું માનું છું કે લગ્ન પછી તારા પપ્પા દીકરી ગૂમાવશે નહીં, પણ દીકરોય મેળવશે. તારી ઈચ્છા હોય તો તમે અહીં તારા પપ્પાને ત્યાં રહી શકશો અથવા એકલા પણ. લગ્ન પછી અમારી જ સાથે રહેવું એવો અમારો કોઈ આગ્રહ નથી.'

નીલમની આંખોમાં આંસૂ આવી ગયા. એ બોલી, 'ઉંમર ને અનુભવમાં તમારા કરતાં નાની છું પણ માણસની પરખ કરવાની શક્તિ મારામાં છે. લગ્ન પછી હું ને આશુતોષ તમારી સાથે જ રહીશું. મારા પપ્પાને જેમ એક દીકરો મળશે એમ મનેય બીજા માતા-પિતા મળી જશે. રાઈટ અંકલ ?'

વીસેક વર્ષ પહેલાંની વાત. નામ બદલ્યાં છે. અને હા, કહેવાની જરૂર ખરી કે નીલમનું લગ્નજીવન સુખરૂપ ચાલી રહ્યું છે. સંસ્કારી પિતાની આ સંવેદનશીલ દીકરીથી સાસરિયાઓ પણ સંતુષ્ટ છે અને દીકરીના પિતા પણ સચવાઈ રહ્યા છે.

દીકરીને વ્હાલનો દરિયો અમસ્તી જ થોડી કહેવાતી હશે ?

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭
સૂર્યાસ્ત : ૭.૨૯

## તાપમાન

મહત્તમ : ૩૫.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૫૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્કીન-૧ :
મેક્ષીમમ : ૧.૧૫, ૩.૩૦, ૫.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
: સ્કીન-૨ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્હી) : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
ધ અમેઝીંગ સ્પાઈડરમેન (અંગ્રેજી): ૫.૩૦
: સ્કીન-૩ : ફરારી કી સવારી : ૧૧.૩૦
તેરી મેરી કહાની : ૨.૧૫, ૪.૩૦, ૧૦.૦૦
રાઉડી રાઠોડ : ૬.૪૫
: સ્કીન-૪ : મેક્ષીમમ : ૧૦.૦૦
ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
તેરી મેરી કહાની : ૨.૦૦
રાઉડી રાઠોડ : ૪.૦૦

### સિને મેક્સ

: સ્કીન-૧ : કેવી રીતે જઈશ : ૮.૦૦
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્હી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
: સ્કીન-૨ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્હી) : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫
: સ્કીન-૩ : મેક્ષીમમ : ૯.૦૦, ૪.૪૫
તેરી મેરી કહાની : ૧૧.૦૦
ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧.૩૦, ૯.૩૦ ● રાઉડી રાઠોડ : ૬.૪૫
: સ્કીન-૪ : ફરારી કી સવારી : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦
રાઉડી રાઠોડ : ૧૨.૦૦ ● તેરી મેરી કહાની : ૫.૩૦, ૧૦.૪૫

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
લવ-સેક્સ ઔર મલ્ટીપ્લેક્ષ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## ધાર્મિક

- ગુરૂપૂર્ણિમા નિમિત્તે દિવ્ય જીવન સંઘના કાર્યલય નં.૨૦૫, આનંદનગર, સેકટર-૨૭ ખાતે સવારે ૮.૦૦ કલાકે ગુરૂ પાદુકા પૂજન તથા ભજન સત્સંગ.
- સેકટર-૨૮માં આવેલ દત્ત મંદિર ખાતે સાંજે ૭.૦૦ કલાકે પ.પૂ.શ્રી અવધુત મહારાજની ચરણ પાદુકાને સ્પર્શ પૂજન.
- સેકટર-૩ડી ખાતે આવેલ સાંઈ મંદિર દ્વારા ધાર્મિક ભજન અને સંતવાણીનું આયોજન રાત્રે ૮.૦૦ કલાકે.
- બપોરે ૨.૩૦ કલાકે સર્વોદય વસાહત મંડળ દ્વારા આનંદના ગરબાનું આયોજન ઓમ રામેશ્વર મહાદેવ મંદિર, ઘ-૬ કોર્નર, ઈન્દ્રપ્રસ્થ સોસાયટીની સામે, સેકટર-૨૨ ખાતે યોજાશે.

## આપની આજ

**મેષ** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**વૃષભ** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મિથુન** : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કર્ક** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**સિંહ** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કન્યા** : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

**તુલા** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**વૃશ્ચિક** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**ધન** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**મકર** : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**કુંભ** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**મીન** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું.

## ચિરવિદાય

- સ્વ. માધાજી બેચરજી ઠાકોર (ઉ.વ. ૮૦) મુ.પો. ધોળાકુવા, તા.માણસા, જિ. ગાંધીનગર.